ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૮ ટકા

# સે-૨૮માં બંધ પડેલી ફેકટરીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## એલસીબી પોલિસે રૂ. ૬,૫૦,૭૦૦નો દારૂ, ૫,૭૦,૦૦૦ના ૫ નંગ વાહનો સહિત કુલ રૂ. ૧૨,૨૭,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો : ૩ની અટકાયત





એલસીબી પોલિસની ટીમે શખ્સોને સાથે રાખી ફેકટરીમાં ચેક કરતા વિદેશી દારૂની બોટલો તથા બહાર પડેલા વાહનો કબ્જે કરેલા છે. જમાં ફોર્ડ આઈકોન કાર નં. જીજે૧૮.એ.બી. ૩૧૪૦, હુન્ડાઈ સેન્ટ્રો કાર જીજે ૧ એચ.જી. ૩૮૧૧માંથી પણ વિદેશી દારૂ મળી આવ્યો છે. જયારે અન્ય ઈસમોના વાહનોમાં હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં. જીજે ૧૮ સી.કયુ. ૦૬૦૭, એકસેસ સ્કુટર નં. જીજે ૧૮ સી.જી. ૩૬૭૫ પણ કબ્જે કરેલ છે.

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે બંધ પડેલી ફેકટરીમાં ગાંધીનગર એલસીબી પોલિસની ટીમે રેડ પાડી વિદેશી દારૂની બોટલ નંગ ૧૭૫૩ કિં.રૂ. ૬,૫૦,૭૦૦ તથા વાહનો ૫ નંગ કિં. રૂ. ૫,૭૦,૦૦૦ અને આરોપીઓની અંગજડતી દરમિયાન મળેલ મોબાઈલ કિં. રૂ. ૭૦૦૦ મળી કુલ રૂ. ૧૨,૨૭,૭૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ એસીબી પોલિસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર શહેરમાંથી આટલી મોટી માત્રામાં વિદેશી દારૂ પકડાતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. એલસીબી ટીમે સફળ ઓપરેશન પાર પાડતા જ દારૂના બુટલેગરો ભુગર્ભમાં જતા રહ્યા છે.

પોલિસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એલસીબી પી.એસ.આઈ. યુ.આર. નલવાયા અને તેમની ટીમના સભ્યોને મળેલી સંયુકત બાતમીને આધારે પોલિસે વૉચ ગોઠવી હતી અને માહિતી સાચી જણાતા સે-૨૮ જીઆઈડીસીના પ્લોટનં. ૫૦૮ ખાતે રેડ કરી હતી. પોલિસે રેડ કરી ફકીર જે આ સ્થળ પર વસવાટ કરતો હતો તે ઉપરાંત કિશોર કનૈયાલાલ વનજાણી (નાના ચિલોડા), નરેશ ગંગારામ માનવાણીને ઝડપી પાડયા હતા. પોલિસે આ રેડમાં કુલ ૧૭૫૩ નંગ ઈંગ્લીશ દારૂની બોટલ કિં. રૂ. ૬,૫૦,૭૦૦ કાર, બાઈક મળીને કુલ કિં. રૂ. ૫,૭૦,૦૦૦ના વાહનો ૭૦૦૦ રૂપિયાના મોબાઈલ મળીને કુલ રૂ. ૧૨,૨૭,૭૦૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. ઉપરોકત આરોપી આ પૈકી ફેકટરીમાં રહેતો ફકીર મહંમદ નુરમહંમદ સિંધીની પુછપરછ કરતા પોલિસને જાણવા મળ્યું કે આ ફેકટરી બંધ હાલતમાં છે અને અહીં હરિયાણાના અમિત ચૌડસીંગ ચૌધરીને ઈંગ્લીશ દારૂ ઉતારવા માટે પોતે જ ભાડે આપી દીધી હતી. ઝડપાયેલા શખ્સોમાં કિશોર કનૈયાલાલ વનજાણી અને નરેશ ગંગારામ વિદેશી દારૂના માલની ડીલીવરી લેતા પકડાયા હતા. જેની તેમણે કબુલાત કરી હતી. જેને પગલે પોલિસે અટકાયત કરેલા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર સેકટર-૫-બી ખાતે આવેલ મહાકાળી માતાજીના ૧૫મા પાટોત્સવ નિમિત્તે શ્રીમદ દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને આજે બપોરે ૨ કલાકે પ્લોટ નં. ૫૩૬/૧ પ્રેમલસિંહ ગોલના નિવાસસ્થાનેથી ભવ્ય પોથીયાત્રા બેન્ડવાજા અને ડીજેના તાલે નીકળી હતી. આ પોથીયાત્રા સેકટરના આંતરિક માર્ગો પર ફરી મહાકાળી માતાજીના મંદિરે પહોંચી હતી. આ પોથી યાત્રામાં હજારો ભકતો જોડાયા હતા.

# વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટના શિબિરનો પોર ગામે પ્રારંભ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટનો ૭ દિવસીય શિબિરનો પોર ગામ ખાતે પ્રારંભ થયો છે. આ શિબિરના ઉદઘાટન સમારોહમાં પોર ગામના સરપંચ કાનાજી ઠાકોર, એનએસએસના રાજય અધિકારી ડૉ. આર.કે. પટેલ, વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયા તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. યુ.પી. તરપદા ઉપસ્થિત રહ્યા હતા.



'સરકારી યોજના અંગે જાગૃતિ અને વિદ્યાર્થી સંસદ તાલીમ' વિષયે આયોજિત રાષ્ટ્રીય સેવા યોજનાના આ શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા ગ્રામજનોમાં સરકારી યોજનાઓની જાણકારીના પ્રચાર-પ્રસારનો પ્રયાસ કરશે. આ ઉપરાંત ગામમાં ભીંતસૂત્રો લખવા, શોષ ખાડા તૈયાર કરવા, સ્વરોજગારી જાગૃતિ, અંધશ્રધ્ધા નિવારણ જેવા જન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરાશે. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ, એક પાત્રીય અભિનય, ચિત્ર સ્પર્ધા, લેખન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવા કાર્યક્રમો પણ યોજાશે. શિબિર દરમિયાન શિબિરાર્થીઓ નિયમિત પણે યોગ સૂર્ય નમસ્કારથી દિવસનો પ્રારંભ કરશે અને ત્યારબાદ પ્રભાત ફેરી, પ્રાર્થના વગેરે કરશે. શિબિરમાં પટાંગણ સફાઈ, સરકારી યોજના જાગૃતિ કાર્યક્રમ, બૌધ્ધિક સભા સહિત સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પણ યોજાશે.

## વાતવાતમાં

● પોલિસ સમન્વય સંસ્થા દ્વારા ગાંધીનગર ખાતે મુખ્ય પોલિસ વડાને વિવિધ ૧૮ મુદ્દે આવેદનપત્ર પત્ર આપવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં પોલિસ પર આક્ષેપો કરનાર વિહિપના નેતા ડૉ. પ્રવિણ તોગડિયા સામે કાર્યવાહી કરવાની માંગ ઉપરાંત નવા પોલિસ સ્ટેશન ચોકીઓ બનાવવા, ચાલુ નોકરીએ મૃત્યુ પામનાર પોલિસ કર્મીના પરિવારને રૂ. ૨૦ લાખની સહાય તુરંત આપવાથી માંડીને હોમગાર્ડના જવાનોને સમયસર પગાર આપવા સહિતના મુદ્દા સામેલ કરાયા છે.

● ગાંધીનગરના સે-૬માં ભગવાન સ્વામિનારાયણનું નવું મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓમાં સેકટરના હરિભકતો સક્રિય બન્યા છે અને ઘરે ઘરે ફરી તે માટે પશ્ચાદભૂ ઉભી કરી રહ્યાં છે.

# સિવિલ હોસ્પિટલમાં ગત વર્ષ દરમિયાન ૬૨૦૩ નવજાત શિશુનો જન્મ થયો

## જયારે સિવિલમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ૯૧૧ દર્દીઓના મોત નિપજયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ બાદ સિવિલમાં ડૉકટરોની સખ્યામાં વધારો કરવાની સાથો સાથ હોસ્પિટલમાં નવા વોર્ડ તેમજ દર્દીઓની પથારીની સંખ્યા પણ વધી જવા પામી છે. સિવિલમાં રોજના હજ્જારો વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે ત્યારે ગાંધીનગર સિવિલમાં ગત વર્ષે ઓ.પી.ડી. અને ઈન્ડોર દર્દી મળીને કુલ સાત લાખથી પણ વધુ દર્દીઓએ સારવાર લીધી છે ત્યારે સારવાર દરમિયાન દર્દીની હાલત કથળવાના બનાવમાં તેમજ દર્દીને સિવિલમાં લાવતા વધુ મોડુ થઈ ગયું હોય તેવા કિસ્સામાં દર્દીના મોત પણ નિપજયા છે જયારે વર્ષ ૨૦૧૭ દરમિયાન ૬૨૦૩ નવજાત શિશુનો જન્મ થવા પામ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત વર્ષે સાત લાખ દર્દીઓએ સારવાર મેળવી છે તો તેની સામે સિવિલમાં ગત વર્ષ દરમિયાન ૯૧૧ દર્દીઓના મોત નિપજયા છે. જેમાં સૌથી વધુ ઓગષ્ટ માસમાં ૧૧૮ જયારે સપ્ટેમ્બર માસમાં સૌથી ઓછા ૧૦૧ અને ઓકટોબર ૧૦૪ દર્દીના મોત નિપજયા છે. આ સમય દરમિયાન સ્વાઈન ફલુના કેસ પણ વધ્યા હતા તો બીજી તરફ સિવિલના લેબર વોર્ડમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ૬૨૦૩ સગર્ભાઓની ડીલીવરી કરવામાં આવી છે. તેમાં સૌથી વધુ નોર્મલ ડિલીવરી કરાવવામાં આવી છે તેમ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. બિપિન નાયકે જણાવ્યું હતું. ગાંધીનગર સિવિલમાં ૩૯૭૫ નોર્મલ ડીલીવરી કરાવવામાં આવી છે. તો બીજી તરફ ૨૨૨૮ સીઝેરીયન કરવા પડયા હતા ગાંધીનગર સિવિલમાં સૌથી વધુ બાળકો ૨૦૧૭માં જન્મ્યા છે.

# ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિનો પ્રશ્ન હજુ પણ યથાવત

## ઉચ્ચકક્ષાએ ઉમેદવારોએ ભરતી માટે રજુઆત કરી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજયમાં છેલ્લા ઘણા લાંબા સમયથી શાળાઓમાં વ્યાયામ અને ચિત્રના શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. ભારતના પ્રધાનમંત્રી એ યોગ અને વ્યાયામ તેમના જીવનનો પાયો છે તેમ કોઈ સભામાં જણાવ્યું હતું તો ગુજરાતના વિકાસ મોડલમાં રાજયના બાળકોનો તે પાયો નથી. રાજય સરકારની નીતિથી ખ્યાલ આવે છે કે દસ વર્ષથી ગુજરાતમાં આ વિષયોનું પતન કરી દેવાયું છે. રાજયની શાળામાં સંગીત-ચિત્ર અને વ્યાયામના શિક્ષકો જ નથી. જયારે સરકારના શિક્ષણ વિભાગ સમક્ષ ઉમેદવારોએ પોતાની રજુઆત કરતા ઉમેદવારોને તંત્ર તરફથી જવાબ મળ્યો કે આર.ટી.ઈ. ૨૦૦૯માં સમાવેશ થઈ જયારે ઉલટ તપાસ કરતા ઉમેદવારોને ખ્યાલ આવ્યો કે આર.ટી.ઈ. ૨૦૦૯ના નિયમ ૧૯ અને ૨૫ ની કલમ મુજબ સમાવેશ કરાયો છે. જેમાં જે શાળામાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ હોય ત્યાં આ વિષય શિક્ષકો હોવા જોઈએ તો શું ગુજરાતની કોઈ પણ શાળામાં ૧૦૦ બાળકો અભ્યાસ કરતા નહીં હોય? જ બાળકો શાળામાં અભ્યાસ કરતા ન હોય તો જ વ્યાયામ, ચિત્ર અને સંગીતના ઉમેદવારોની ભરતી રાજય સરકાર દ્વારા કરવામાં આવતી નથી તેવું ઉમેદવાર આક્રોશ સાથે કહી રહ્યા છે. ઉમેદવારોને પ્રવાસી શિક્ષક ગણીને ફરજ પર લેવાનું જાહેરાત કરે છે પરંતુ તે નિયમ મુજબ નથી ત્યારે રાજયના હજ્જારો ચિત્ર-વ્યાયામ-સંગીત વિષયના ઉમેદવારો એકથી બીજા સ્થળે ફુટબોલની જેમ ફંગળાયા કરે છે. કોઈ તંત્ર દ્વારા તેમને સકારાત્મક અભિગમ સાંપડયો નથી. આ પ્રશ્ને વર્ષો વીતી ગયા હોવા છતાં નિવેડો ન આવતા ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠયો છે. ત્યારે ટુંક સમયમાં ઉમેદવારો ગાંધીનગર આવી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરે તો નવાઈ નહીં...?



વાવોલ ખોડીયાર ધામના પાટોત્સવ પ્રસંગે આજે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સંત સંમેલન યોજાયું હતું. જેમાં રાજયભરમાંથી પૂજય સંતગણો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ખોડીયાર ધામ પરિવાર દ્વારા સંતો-મહંતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે સાંજે ૫.૦૦ કલાકે નવચંડી યજ્ઞની પૂર્ણાહુતી થઈ હતી ત્યારબાદ ભકતો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં હજ્જારો ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો જયારે સૌ ભકતોએ ખ્યાતનામ ભજનીક હેમંત ચૌહાણના સૂરીલા કંઠે વિવિધ ભજનોનું રસપાન કર્યું હતું.

# ભાવસાર મિત્રમંડળનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ભાવસાર મિત્ર મંડળનો વાર્ષિકોત્સવ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વાર્ષિકોત્સવમાં હિંગળાજ માતાની પૂજા કરવામાં આવી હતી તેમજ મહેમાનોએ આશીર્વચન આપ્યા હતા. આ કાર્યક્રમમાં બઢતી પામેલા તથા નિવૃત્તિ પામેલા અગ્રણીઓનું શાલ-મોમેન્ટો દ્વારા મંડળના હોદ્દેદારોએ સન્માન કર્યું હતું. આ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક, નોટબુક અને શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પી.એચ.ડી.નો અભ્યાસ કરતાં સમાજના તેજસ્વી નિરવનું મંડળ દ્વારા બહુમાન કરવમાં આવ્યું હતું. આ વાર્ષિકોત્સવમાં સમારંભના પ્રમુખ તરીકે ભાનુચંદ્ર, ગુણવંત સુરવતાલા સહિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# એબીવીપીના સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે દેખાવો

## યુનિવર્સિટીના એડમિનિસ્ટ્રેશન બ્લોકનો ઘેરાવ કર્યો : યુનિવર્સિટિમાં રાષ્ટ્ર વિરોધી વિચારધારાના તત્વોને છુટો દોર અપાતો હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની સેન્ટ્રલ યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થી હિતોની અવગણના કરવા સાથે રાષ્ટ્રવિરોધી વિચારધારા ફેલાવનારા તત્વોને છુટો દોર અપાતો હોવા સાથે વ્હાલા-દવલાંની નીતિ ચલાવાતી હોવાના આક્ષેપ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સંચાલક સંકુલનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. એબીવીપી દ્વારા યુનિ.માં વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરી, કેન્ટિન વગેરેમાં લાઈટ-પંખાથી માંડીને અભ્યાસને લગતી પાયાની સુવિધાઓમાં બેદરકારીની ફરિયાદ ઉઠાવવામાં આવી છે.

ગાંધીનગરમાં સેન્ટ્રલ યુનિ.ની સ્થાપનાને ૮ વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં હજુ પણ યુનિવર્સિટીને પોતાનું મકાન કે કેમ્પસ નથી વળી જે કેમ્પસમાં યુનિ. હાલ કાર્યરત છે તેમાં રાષ્ટ્રવિરોધી વિચારધારા ધરાવતા તત્ત્વોને છુટો દોર આપવામાં આવી રહ્યો છે. આ સાથે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીલક્ષી સુવિધાઓમાં ઉપેક્ષા દાખવવામાં આવે છે જેમ કે કોલેજના પ્રાધ્યાપકોના કેબિન તો એસી સહિતની સુવિધાયુકત છે પરંતુ વિદ્યાર્થીઓ માટે અગત્યની એવી લાયબ્રેરી અને કેન્ટિનમાં લાઈટ-પંખા વગેરેની બદતર હાલ છે તેને રિપેર કરવાની પણ તસ્દી લેવામાં આવતી નથી. વળી વિદ્યાર્થીઓને ગાઈડ-પુસ્તકો ખરીદવા પહેલા રૂ. ૧૦ હજારનું અનુદાન પ્રાપ્ત થતું હતું. તે આશ્ચર્યજનક રીતે ઘટાડીને માત્ર રૂ. ૮ હજારનું કરી દેવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને તેમની ફેલોશિપ પણ સમયસર મળતી નથી. યુનિ.ની કેન્ટિનમાં મળતા ભોજનની ગુણવત્તા પણ ખૂબ નીચી હોવાને કારણે વિદ્યાર્થીઓને પોષણક્ષમ ભોજન આપવામાં સંચાલકો નિષ્ફળ નિવડયા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને એબીવીપી દ્વારા સેન્ટ્રલ યુનિવર્સિટીના એડમિનિસ્ટ્રેશન બ્લોકનો ઘેરાવ કરવામાં આવ્યો હતો તથા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું.




### ચિરવિદાય

- સ્વ. મંગુબેન નાનુભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૦
- સ્વ. શર્મિષ્ઠાબેન માધાભાઈ દરજી, ઉ.વ. ૮૦
- સ્વ. કમળાબેન પૂંજાલાલ બારોટ, ઉ.વ. ૯૪